Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

# ૧૯મી સદીમાં ગુજરાતમાં સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી શૈક્ષણિક સંસ્થાઓ

**SONALBEN SHAMABHAI MAKWANA,**
(M.A, M.Phil) Ph.D. Scholar of History
DEPARTMENT OF SCHOOL OF SOCIAL SCIENCE
GUJARAT UNIVERSITY, AHMEDABAD
Emai id :- makwanagautam121@gmail.com

**પ્રસ્તાવના**

કોઈપણ લોકશાહી રાષ્ટ્ર કે સમાજમાં પુરુષ અને સ્ત્રી એટલે કે વ્યક્તિ એક નાનામાં નાનું એકમ છે. સમાજમાં વ્યક્તિનો જેટલો વિકાસ થાય તેટલો જ રાષ્ટ્રનો પણ વિકાસ થાય છે. આમ વ્યક્તિનો વિકાસ સમાજ અને રાષ્ટ્રનો વિકાસ છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં વ્યક્તિ વિકાસના પ્રાધાન્ય પર ભાર મૂકતાં ગાંધીજી લખે છે કે "હું માનું છું કે એક માણસ આધ્યાત્મિકતા પ્રાપ્ત કરે તો તેની સાથે સાથે આખી દુનિયાને પણ એ લાભદાયી થાય છે અને એક માણસનું જો પતન થાય તો તેટલા પ્રમાણમા આખી દુનિયાનું પણ પતન થાય છે."[૧] ગાંધીજીના આ વિધાન પરથી જોઈ શકાશે કે સમાજનું એક એકમ જો કોઈપણ કારણસર પછાત રહી જતું હોય અથવા વિકાસ ન સાધી શકતું હોય તો તેટલા અંશે રાષ્ટ્ર આખું પછાત રહે છે.વ્યક્તિના વિકાસ અને સમાજના વિકાસની જ્યારે વાત કરીયે ત્યારે આપોઆપ જ શિક્ષણ પર આપણી દ્રષ્ટિ આવી પડે છે. કારણ કે વ્યક્તિને વિકસાવનારું તત્વ શિક્ષણ જ છે શિક્ષણ ને કારણે વ્યક્તિ નો વિકાસ થાય છે.

**ગુજરાતમાં સ્ત્રી શિક્ષણ ; ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં-**

વિશ્વના કોઈપણ સમાજની સર્વદેશીય ઉન્નતિ અને પ્રગતિ માટે તે સમાજનાં મુળ પાયાની અનિવાર્ય જરૂરિયાત તરીકે સ્ત્રી શિક્ષણને જેટલું મહત્વ અપાય એટલું ઓછું છે. કારણ કે સ્ત્રીનું પાત્ર માનવ સમાજમાં એક મધ્યવર્તી ધરી સમાન છે. જેની આજુબાજુ સમસ્ત સમાજ ઘૂમી રહ્યો છે. જગતના ઇતિહાસમાં જે દેશોએ ઝડપી પ્રગતિ પ્રાપ્ત કરીને વિકાસના અન્ય ક્ષેત્રોમાં મહાન કૂચ કરી છે. કારણ કે શિક્ષિત સ્ત્રીએ બાળકોના જીવનનું ઘડતર કરનારી પતિને માર્ગદર્શન અને પ્રેરણા આપનારી અને સમાજની સર્વોપરી પ્રગતિનું મૂલ્યવાન વાહન બની રહે છે.

ઇ.સ ૧૮૧૩માં ઈસ્ટઈન્ડિયા કંપનીએ પોતાની સત્તા નીચેના પ્રદેશોમાં કેળવણી માટે ખર્ચ કરવાની જોગવાઈ કરી પણ સ્ત્રી કેળવણી વિશે તેણે ઉપેક્ષા સેવી. ૧૮૧૩ ના ચાર્ટર માં હિન્દી સ્ત્રીઓની કેળવણી અર્થે નાણાં ખર્ચવાની કોઈ જોગવાઈ ન હતી.[૨] અંગ્રેજોના શાસનકાળના પ્રારંભ માં એટલે કે ઇ.સ ૧૮૨૨થી ઇ.સ ૧૮૩૮ સુધીમાં મદ્રાસ, મુંબઈ અને બંગાળમાં કેટલીક શૈક્ષણિક તપાસ હાથ ધરવામાં આવી હતી. મદ્રાસની શૈક્ષણિક તપાસમાં મનરોનો નિષ્કર્ષ એવો હતો કે ઘણી ઓછી છોકરીઓને ભણવા શાળામાં મૂકવામાં આવતી.[૩] તપાસ (૧૮૨૩-૨૫)માથી જાણવા મળે છે કે તે સમયની શાળાઓ બહુધા છોકરાઓ માટે જ હતી. છોકરીઓ જે શિક્ષણ મેળવતી તે વિલિયમ એડમ્સના શૈક્ષણિક અહેવાલમાં છોકરીઓને જો ભણાવવામાં આવે તો વિધવા બને. એવા વહેમી ખ્યાલો પ્રવર્તતા હોવાનું નોધાયું છે. ૫ થી ૧૪ વર્ષની કન્યા લેખન વાંચનના શિક્ષણ વગર જ ઉછરતી હતી. વળી કન્યાશિક્ષણની તપાસણી વખતે માં -બાપ ગભરાઈને છોકરીઓ વિશેની માહિતી આપવાનો ઇન્કાર કરતાં અથવા પોતે સંતાઈ જતાં આમ કન્યાઓ નિરક્ષર જ ઉછરતી હતી. આ સમયે મિશનરીઓએ ખ્રિસ્તીધર્મના પ્રચારની સાથે અથવા તેના એક સાધન રૂપે કન્યા કેળવણીની પ્રવૃત્તિ આદરી. પ્રારંભના ખ્રિસ્તીમિશનરો કન્યાશાળાઓ બહુધા ખ્રિસ્તી બનેલા કુટુંબોની બાળાઓ માટે કેળવણી સંસ્થાઓ ઊભી કરવા પ્રેરાયા[૪].ઇ.સ ૧૮૮૨ માં મુંબઈના તે વખતના ગવર્નર એલફિસ્ટનના નેતૃત્વ નીચે મુંબઈ પ્રાંતમાં કેળવણી અંગેની જવાબદારી સ્વીકારી તેમણે પાઠ્યપુસ્તકો અને શિક્ષકોની તાલીમ માટે પ્રબંધ કર્યો. આ સોસાયટીએ ગુજરાતમાં શાળાઓ શરૂ કરી હતી. તેમાં કન્યાઓને દાખલ કરવામાં આવતી હતી કે કેમ તેની કોઈ માહિતી મળતી નથી. કલકત્તામાં ડેવિડ હેરે એ ઇ.સ ૧૮૮૦ માં પોતાના ખર્ચે એક કન્યાશાળા ખોલી હતી મુંબઈ ઇલાકામાં અમેરિકન મિશનરી સોસાયટીએ હિન્દી સ્ત્રીઓ માટે ઇ.સ ૧૮૩૧ માં અહમદનગર ખાતે બે શાળાઓ શરૂ કરી તે પછી તેઓએ બોર્ડિંગ સ્કૂલ ની શરૂઆત કરી ઇ.સ ૧૮૪૦ માં બોર્ડ ઓફ એજ્યુકેશન સ્થપાયું અને એજ વર્ષે નર્મદાશંકરે કન્યાકેળવણી અને સમાજસુધારનો જુવાળ ફેલાવ્યો.[૫] ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ધાર્મિક તટસ્થતા ને કારણે સંસ્થાઓમાં અપાતી સ્ત્રી કેળવણીની

બાબતમાં કોઈપણ જવાબદારી લેવાની ના પાડી હતી .આ સમયના અમલદારો એવો મત ધરાવતા હતા કે સ્ત્રીઓને કેળવણી આપવાની કોઈપણ યોજના અપ્રિય નીવડશે. હિન્દુ,મુસલમાન અને વહેમી લોકો તરફ આ લોકો ભયથી જોતાં કારણ કે તેમણે લાગતું હતું કે કોઈપણ સાંપ્રદાયિક કેળવણી તેમને અરુચિકર નીવડશે.

લંડન મિશનરી સોસાયટી તથા આઈરિશ પ્રિસ્ટેરિયન મિશને ખ્રિસ્તી ધર્મના પ્રચાર અર્થે ગુજરાતને ક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું. ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતોને નીચલા સ્તરના લોકો સુધી પહોચડવા મિશનરીઓએ ગુજરાતી ભાષાનો અભ્યાસ કરી શિક્ષણ અર્થે કેટલાક પુસ્તકો પણ રચ્યાં. તેમણે સુરત ,અમદાવાદ, બોરસદ, રાજકોટ, વડોદરા,પોરબંદર,ઘોઘાં વગેરે સ્થળે શાળાઓ સ્થાપી. ઇ.સ ૧૮૧૮ માં આ મિશનરીઓએ સુરત માં સૌપ્રથમ કન્યાશાળા ખોલીને ગુજરાતમાં કન્યાકેળવણી માટેના પ્રથમ પ્રયાસનું માન મેળવ્યું. આ ઉપરાંત કન્યાઓ શાળામાં આવવા આકર્ષાય તે માટે મિશનરીઓ તરફથી જે યોજના કરવામાં આવી હતી તેનો વિચાર કરવામાં આવે તો આજથી લગભગ ૧૨૫ વર્ષપૂર્વે રૂ.૪૫ ની વસ્તુઓ તેને દહેજરૂપે શાળા છોડ્યા પછી પરણે ત્યારે આપવામાં આવતી આ ઉપરાંત બાઈબલનું પુસ્તક તેમજ પ્રાથના માટેના બે પુસ્તકો પણ આપવામાં આવતાં. આમ કન્યાશિક્ષણમાં મિશનરીઓનો ફાળો પ્રશસ્ય રહ્યો હતો.

ગુજરાતમાં પ્રથમ મહિલા સમાજ સુધારક અને કેળવણીકાર તરીકેની નામના પામેલ હરકુંવર શેઠાણીએ સ્ત્રીશિક્ષણમાં પાયાની ભૂમિકા ભજવી. હરકુંવર, પ્રગતિશીલ બ્રિટિશ અમલદારો ઉપરાંત ગોપાળ હરિદેશમુખ ,સત્યેન્દ્રનાથ ટાગોર,દલપતરામ અને સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ જેવા સમાજ સુધારકોનાં સંપર્કમાં આવ્યાં. તેમણે સમાજસુધારક કામોમાં ભાગ લીધો ઇ.સ ૧૮૪૮ માં સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની ગુજરાત વિધ્યાસભા)સાથે હરકુંવર પહેલેથીજ સંકળાયેલા હતાં. સોસાયટીએ દાયકાઓ સુધી કરેલી સેવાઓનું મહત્વ પિછાનીને જ ગાંધીજી પાછળથી તેના સભ્ય બન્યાં. હરકુંવરે ઇ.સ ૧૮૫૦ માં એક કન્યાશાળા સ્થાપીને તેનો વહીવટ સોસાયટીને સોપ્યો હતો. આ

શાળા હરકોર શેઠાણીની છોડીઓની નિશાળ તરીકે લોકજીભે ચડી ગઈ[૬] આ રીતે પ્રથમ કન્યાશાળાની સ્થાપનાની સાથે મગનલાલ કરમચંદનું નામ પણ મહત્વનું છે.અમદાવાદ શહેરમાં બે કન્યાશાળા સ્થાપવા માટે ૨૦,૦૦૦ નું દાન આપ્યું તેમના દાનથી ઇ.સ ૧૮૫૦ માં બે કન્યાશાળાઓ સ્થપાઈ.[૭] આમ ભદ્રવર્ગીય શ્રીમંતો દ્વારા સ્ત્રી શિક્ષણના બીજ રોપાયા. ૩૦ માર્ચ ૧૮૫૧ માં મુંબઈમાં બુદ્ધિવર્ધક સભામાં ભાષણો તો બહુ મોટા મોટા થયાં હતાં તો પણ તેનું મોટામાં મોટું કામ સ્ત્રી કેળવણી નું હતું. સભામાં ઇ.સ ૧૮૫૧ થી ૧૮૬૦ સુધીમાં ઘણા ભાષણો થયાં તેમાં ચર્ચાયેલા વિષયોમાં- સ્ત્રી કેળવણી (નર્મદાશંકર ૧૮૨૩),દેશાટન (કરશનદાસ ૧૮૫૩),દેશાભિમાન, વૈધવ્ય ચરિત્ર, નર્મદાશંકર(૧૮૫૯-૬૦)એ વિષયો વિશેષ પ્રસિદ્ધિ પામ્યાં.[૮] દલપતરામ પણ સ્ત્રી શિક્ષણના હિમાયતી હતાં. તેમણે કાવ્યરૂપે જણાવ્યું હતું કે....

"તમારી દીકરીઓને ઘરેણાં આપશો તો પતિ છીનવી લેશે,
પરંતુ જ્ઞાન આપશો તો તે જબરદસ્તીથી લઈ નહીં શકે"[૯]

આ સમય એવો હતો કે જ્યારે સ્ત્રીઓ અંગેના શિક્ષણ સિવાયના પ્રશ્નો પ્રત્યે વધારે ધ્યાન કેળવાયુ હતું અને તે સમયની માંગ પણ હતી જ કારણ કે જ્યારે સ્ત્રીનું અસ્તિત્વ જોખમમાં હોય ત્યારે યોગ્ય સ્થાન હક વગેરેની માંગ કરવી એ અસ્થાને બને. તેમ છતાં દુર્ગારામ(૧૮૦૯-૧૮૭૬),મહિપતરામ રૂપરામ,હરગોવિંદદાસ કાંટાવાળા,ગોવર્ધનરામ ત્રિપાઠી ,ઠક્કરબાપા ,મણિલાલ નભૂભાઈ દ્વિવેદી ,મહારાજ સયાજીરાવ ગાયકવાડ, આનંદશંકર ધ્રુવ વગેરે સુધારકો દ્વારા સ્ત્રી શિક્ષણના નોંધપાત્ર કાર્યો અને વિચારો રજૂ થયાં હતાં,

સુરતમાં રાયચંદ દીપચંદ કન્યાશાળા ખૂલી.[૧૦] મહારાજા સયાજીરાવ ગાયકવાડે અમુક ધોરણ સુધી છોકરા તથા છોકરીઓનુ શિક્ષણ મફત તથા ફરજિયાત કર્યું.[૧૧] આ રીતે દેશી રાજ્યો દ્વારા પણ સ્ત્રી શિક્ષણ અંગે પ્રયત્ન થાય તે ખરેખર મહત્વના હતાં તેનાથી અન્યને પણ પ્રેરણા મળે. સૌરાષ્ટ્રમાં કન્યાકેળવણીની શરૂઆત કરવાનો યશ તે સમયના પોલિટિકલ એજન્ટ 'કર્નલ લેંગ' ને ફાળે જાય છે. તેમણે પોતાના ખર્ચે રાજકોટમાં એક કન્યાશાળા શરૂ કરી હતી.જે 'લેંગ કન્યાશાળા'

તરીકે ઓળખાઈ હતી.[૧૨] ૧૯મી સદીના અંતમાં ગુજરાતમાં અમદાવાદ અને રાજકોટ મુકામે બહેનો માટે તાલીમી સંસ્થાઓ શરૂ થઈ હતી. વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે ૧૯૦૧-૦૨ માં કન્યાઓની સંખ્યા જૂજ હતી છતાં બહારની કારકિર્દી માટે સ્ત્રીઓ પ્રથમ વખત જ ઘરની બહારના વ્યવસાય અપનાવી શકી.ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય આંદોલનના ભાગરૂપે ઇ.સ ૧૯૨૦ માં ગુજરાત વિધ્યાપીઠ દ્વારા પ્રસારિત કરેલ કેળવણીના સિદ્ધાંતોનોં અમલ કરી કેળવણીમાં ક્રાંતિ લાવવાનું કાર્ય ગુજરાતે કર્યું. ૧૯ મી સદીમાં ગુજરાતમાં સ્ત્રી કેળવણીની જે પ્રવૃત્તિ શરૂ થઈ તે છેક દેશની સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અને એના પછી પણ  અવિરત ચાલું રહી. જેને પરિણામે કન્યાશિક્ષણ તેમજ કન્યાશાળાઓની સંખ્યામાં વધારો થતો રહ્યો છે. ઇ.સ ૧૯૦૧-૦૨ માં શાળાઓની જે સંખ્યા હતી તેના કરતાં ઇ.સ ૧૯૪૬-૪૭ માં ૧૧૭ શાળાનો વધારો જણાય છે. ઇ.સ. ૧૮૯૧થી ૧૯૫૧ સુધીના સમય દરમિયાન સ્ત્રી-પુરુષોનું કેળવણીનું પ્રમાણ નીચે મુજબ હતું.

સ્ત્રીઓ અને પુરુષોની પરિસ્થિતિ (૧૮૯૧-૧૯૫૧) દર હજારે બધીજ ઉંમરના શિક્ષિતોની સંખ્યા

| વર્ષ | પુરુષ | સ્ત્રીઓ | વસ્તીમાં શિક્ષિતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧૮૯૧ | ૯૧ | ૫ | ૫૭ |
| ૧૯૦૧ | ૧૦૮ | ૯ | ૬૮ |
| ૧૯૧૧ | ૧૧૪ | ૧૩ | ૭૧ |
| ૧૯૩૧ | ૧૪૩ | ૨૪ | ૯૯ |
| ૧૯૪૧ | ૨૮૭ | ૮૪ | ૧૮૩ |
| ૧૯૫૧ | ૩૫૫ | ૧૨૩ | ૨૪૬ |

ઇસ.સન ૧૮૫૯ માં શ્રી નવલરામ ત્રિવેદીએ સ્ત્રીઓની સ્થિતિનું વર્ણન કર્યું હતું તેના ઉપર દ્રષ્ટિ નાખતાં આધુનિક સ્ત્રી કેળવણીનો વિકાસ એ ઘણું મોટું સામાજિક પરીવર્તન કહી શકાય .નવલરામ ઉપરાંત બીજા મહાન સુધારકો સમાજ સેવકોએ પણ શિક્ષણ ક્ષેત્રે સુધારાઓ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

દાખલ કર્યા છે.શિક્ષણ ક્ષેત્રે ઘણી સ્ત્રીઓએ પણ સુધારાઓ દાખલ કર્યા છે. ગં.સ્વ સુલોચનબહેન ,અનસૂયાબહેન સારાભાઇ, નિર્મળાબેન બકુભાઈ, વિધ્યાગૌરી નીલકંઠ,શારદાબહેન મહેતા ,સરલાદેવી સારાભાઇ,પુષ્પાબેન મહેતા વગેરે જેવી અનેક બહેનોએ સ્ત્રી શિક્ષણમાં ફેરફારો કરીને સ્ત્રી કેળવણીનો પાયો મજબૂત નાખ્યોં. ઇસ.સન ૧૮૫૯ માં સ્ત્રીઓની સ્થિતિ શું હતી તે શ્રી નવલરામ ત્રિવેદીની ગરબીમાંથી સમજાય છે.

"સભા સમે શકે ના આવી નામદાર નારીઓ, ખૂણે પડી ખુએ કામ,બંધીમાં બિચારીઓ,

ભણાવી ભાતભાત એની વેદના નિવારવી, વિશેષ શુદ્ધ બૂદ્ધ, બુદ્ધિપૂર્વક વધારવી,"[૧૩]

આ રીતે શિક્ષણ ક્ષેત્રે ૧૯મી અને ૨૦મી સદીમાં ઘણાં સુધારા દાખલ કરાયાં હતાં. ૧૯મી સદીના છઠ્ઠા દાયકાની શરૂઆતમાં સ્ત્રી કેળવણીના શ્રી ગણેશ મંડાયા હતાં. તે હવે ધીમે ધીમે જડ નાખવા લાગ્યા હતાં。 ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં શિક્ષિત સ્ત્રીઓની સંખ્યા ગુજરાતમાં નીચે પ્રમાણે વધી હતી.

**દર હજારે સાક્ષર સ્ત્રીઓની સંખ્યા**

| જિલ્લો | ૧૮૮૧ | ૧૮૯૧ | ૧૯૦૧ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩ | ૬ | ૧૭ |
| ભરુચ | ૩ | ૮ | ૧૮ |
| ખેડા | ૧ | ૩ | ૯ |
| પંચમહાલ | ૧ | ૨ | ૮ |
| સુરત | ૭ | ૨ | ૨૪ |

( સ્ત્રોત; ઇસ.સન ૧૯૦૨ ની વસ્તીગણતરી,પુસ્તક ૯ ભાગ ૧ મુંબઈ પૃ-૧૪૮)[૧૪]

ઇસ.સન ૧૮૯૬-૯૭ માં આખા મુંબઈ ઇલકામાં માત્ર ૧૮ સ્ત્રીઓ જ કોલેજમાં જતી હતા. જ્યારે ઇસ.સન ૧૯૦૧ -૦૨ માં તે સંખ્યા ૩૦ હતી ઉચ્ચ શિક્ષણમાં શરૂઆત કરનાર હિંદુ ગુજરાતીઓ

કરતાં પારસીયો,ખ્રિસ્તીઓ અને મહારાષ્ટ્રીયનો વધારે હોવાથી કોલેજોમાં ગુજરાતી કરતાં પારસીયો વધારે હોવાથી કોલેજોમાં ગુજરાતી સ્ત્રીઓની સંખ્યા નજીવી હતી.ગુજરાતમાં શ્રીમતી વિધ્યાગૌરી નીલકંઠ ,શારદાબહેન મહેતા ઇ.સ ૧૯૦૧ માં પ્રથમ સ્ત્રી સ્નાતક થયાં હતાં.[૧૫]

૧૯મી સદીના અંતમાં ધીમે ધીમે સ્ત્રીઓના વિચારો સંગઠનો સ્વરૂપે આકાર લેવા લાગ્યા. સંગઠન સ્વરૂપે કેટલીક સ્ત્રીઓનું જૂથોમાં એકત્રિત થવું એ બહેનોની પોતાની સૂઝ, ઇચ્છા, અને લાગણીના ફળશ્રુતિરૂપે હતું અને પુરુષ સુધારકોએ તેમને પીઠબળ પૂરું પડ્યું. સમાજના ઉપલા વર્ગની બુદ્ધિજીવી તથા મધયંવર્ગની બહેનોએ સ્ત્રી જાગૃતિ અનુભવી હતી. દેશી બહેનોને પણ અંગ્રેજી મેડમની માફક બનવાની ઈચ્છા હતી. વિકટોરિયા રાણીના શાસનકાળની અંગ્રેજ સ્ત્રીઓ પતિ સાથે ખભેખભા મિલાવી કામ કરતી અંગ્રેજ સ્ત્રીનો આદર્શ આર્ય સન્નારીથી જુદો ન હતો અંગ્રેજ સ્ત્રીઓ સમાજ સુધારણમાં અને સ્ત્રી ઉદ્ધારમાં ઊંડો રસ ધરાવતી હતી.મધ્યમવર્ગની સ્ત્રીઓની સાથે સાથે કેટલીક અંગ્રેજ બહેનોએ પણ સ્ત્રી સંગઠનો ઊભા કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી.શરૂઆતમાં આ મંડળોનું સ્વરૂપ પ્રવાહી અને તરલ રહ્યું. ગુજરાતી ભદ્ર મહિલાઓ અને બ્રિટિશ સ્ત્રીઓએ સૌપ્રથમ તો નક્કી કર્યું કે તેમનામાંથી કોઈ એક બહેનને ઘેર એક સમયે એક તારીખે ભેગા થવું અને સ્ત્રી સમસ્યાઓ કેળવણી, સમાજ સુધારણા, જાહેરજીવન વગેરે વિશે વિચારણા કરવી, ગુજરાતનાં પાટનગર અમદાવાદથી આની શરૂઆત થઈ. આ સ્ત્રીમંડળો કાળક્રમે સામાજિક પરીવર્તન કરનારા એકમો બન્યાં. આ સ્ત્રી મંડળો સ્વભાવિકતાથી અનુભવ ઇચ્છાથી જૂથમાં એકત્રિત થવાનાં ઉદેશ્યથી ઉદભવ્યા હતાં. કોઈ કાયદો બંધારણ કે યોજનાના ફળસ્વરૂપે ન હતાં.[૧૬]

અમદાવાદમાં વિકટોરિયા ગાર્ડન પાસે (હાલ તિલકબાગ) યુરોપીયન ઢબની સૌપ્રથમ ગુજરાત ક્લબની સ્થાપના થઈ. ઇ.સ ૧૮૪૮ માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના થઈ.ગુજરાત ક્લબની માફક સોસાયટીમાં પણ બુદ્ધિજીવીઓ એકત્રિત થવા લાગ્યા. આ વર્ગે સ્ત્રીકેળવણી પર ખૂબ ભાર મૂક્યો. ઇ.સ ૧૮૫૦ થી સરકારી તેમજ ખાનગી કન્યાશાળાઓ

અસ્તિત્વમાં આવી પરિણામે. સ્ત્રીમંડળની સ્થાપના ઝડપી બની. ભદ્ર વર્ગના પુરૂષોને પણ પોતાના કુટુંબનો સ્ત્રીવર્ગ આગળ આવે કેળવણી. પામે સ્ત્રી સંસ્થામાં જોડાય તેવી ઈચ્છા હતી.ગુજરાતમાં સ્ત્રીજૂથો સંગઠનોમાથી મંડળો થયાં મંડળો વધારે ને વધારે વિકસતા જતાં સંસ્થાનું સ્વરૂપ ધારણ કરતાં ગયાં. આ નારી સંગઠનો ઐતિહાસિક તવારીખમાં વિવિધ તબક્કામાંથી પસાર થયાં. સૌ પ્રથમ તબક્કો લેડીસ ક્લબનો રહ્યો. એ પ્રવાહી અને તરલ હતો સામાન્ય ઔપચારિક રીતે સ્ત્રીઓ મળતી વાતો કરતી ચર્ચા વિચારણા કરતી જેમાં આનંદપ્રમોદ, રમત ગમત, મેળવડાનું પ્રમાણ વિશેષ રહેતું હતું.

**સ્ત્રી કેળવણી માટેની ની સંસ્થાઓ :-**

સમાજમાં સ્ત્રીઓના સમાન હક સ્થાપિત કરવાં માટે એમના સર્વાંગી વિકાસમાં અવરોધતા સામાજિક,આર્થિક ,શૈક્ષણિક કે રાજકીય અડચણો દૂર કરવાંનો પ્રયાસ 19મી સદીમાં થયો હતો.અને જુદી-જુદી શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ ને લીધે સ્ત્રીઓના વ્યક્તિત્વનો વિકાસ ખુબજ ઝડપી થવા લાગ્યો. આવી રીતે સ્ત્રી શિક્ષણ માટેની સંસ્થાઓ સ્થાપીને ઘણી બહેનો આગળ આવી હતી.જેમાં રૂક્ષ્મણી બહેનના નિવાસ સ્થાને એક વિધવા બહેનનાં હસ્તે સરસ્વતી મંદિરની સ્થાપના થઈ એમના પુત્રી ગં.સ્વ સુલોચના બહેન વનિતા વિશ્રામની સ્થાપના સાથે સંકળાયેલા હતાં. અનસૂયાબેન સારાભાઇએ મજૂર શાળાનો આરંભ તો ઘણો વહેલો કર્યો હતો. નિર્મલા બહેન બકુભાઈ પણ એક બાલમંદિર ચલાવતા હતાં. જ્યોતિસંઘ સાથે મૃદુલા સારાભાઇ ,વિકાસગૃહ સાથે પુષ્પાબેન મહેતા ,મહિપતરામ રૂપરામ અનાથઆશ્રમ કે અબલાશ્રમ સાથે સવિતાબેન ત્રિવેદી. તેમજ,સી.એન વિધ્યાલય સાથે માણેકબા અને ઇન્દુમતીબહેન શેઠને આપણે નોંધીએ છીએ. સ્ત્રીઓને ઉચ્ચકેળવણી મળી રહે તે હેતુથી વિધ્યાબહેન નીલકંઠ સ્ત્રી સંસ્થાઓમાં કાર્ય કરતાં હતાં. તેમજ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી .લેડિઝ ક્લબ.ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ તેમજ અમદવાદની મહિલા વિધ્યાલયો તેમજ ભગિની સમાજ,અખિલ હિન્દ મહિલા વિધ્યાલયો વગેરે ઘણી સંસ્થાઓનાં

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

કાર્યમાં સ્ત્રીઓનો ફાળો રહેલો છે. સ્ત્રીઓની સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રીઓના હકોનું રક્ષણ કરવું એમના સર્વાંગી વિકાસની યોજના ઘડવી અને પ્રગતિને અવરોધતાં બળોને દૂર કરવાં એ હતો.

**ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિધ્યાસભા.ઇસ.સન ૧૮૪૮)**

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કવિ દલપતરામ અને એલેકઝાન્ડર ફાર્બસના સામૂહિક બળ દ્વારા ઇ.સ૧૮૪૮માં થઈ હતી. જે આજે ગુજરાત વિધ્યાસભા તરીકે ઓળખાય છે. તેનો ઉદ્દેશ ગુજરાતી ભાષા અને સાહિત્ય તેમજ સમાજસુધારાની પ્રવૃત્તિઓ વિકસાવવાનો છે.[૧૭] કારણકે ગુજરાતમાં બાળલગ્નો અને દહેજપ્રથા જેવા સામાજિક અનિષ્ઠો સામે ગુજરાતમાં જબરદસ્ત આંદોલનો થતાં હતાં.છોકરાઓની જેમ છોકરીઓને પણ ભણાવવી જોઇએ તે વિચારે બ્રિટિશ અમલ દ્રઢ થતાં પ્રાધાન્ય મેળવ્યું હતું.ગુજરાતમાં પહેલી વહેલી કન્યાશાળા સ્થાપવાનો યશ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને પ્રાપ્ત થાય છે[૧૮] આ સોસાયટીનો મુખ્ય હેતુ કન્યાકેળવણી નો હતો.લેડી વિધ્યાગૌરી નીલકંઠ આ સોસાયટીના ૧૯૨૫થી ૧૯૫૭ સુધી મંત્રી પદ સંભાળ્યું હતું. "મહિલામિત્ર" સામયિકનું તેમણે સંચાલન કર્યું હતું. આ સોસાયટી દ્વારા સૂચન આપવામાં આવ્યું હતું કે પ્રજાને કેળવણી આપવી એ સરકારનું કર્તવ્ય છે અને એ સિદ્ધાંતોનો સરકાર તરફથી અમલ થવા લાગ્યો.સમાજની પરિસ્થિતિને લક્ષમાં લઈને સ્ત્રી કેળવણીને ઘટતું ઉત્તેજન આપવા સોસાયટી સતત પ્રયત્ન કરતી રહી છે. [૧૯]

**ગુજરાત લેડિઝ ક્લબ (ઇ.સ ૧૮૮૮)-**

અમદાવાદમાં સ્ત્રી મંડળની આવશ્યકતા લાગવાથી ઇ.સ ૧૮૮૮-૮૯ ની સાલના અરસામાં મિસિસ મોસ્કાર્ટી તથા મિસિસ કોઇંગ અને મિસિસ સોરાબજી જેવી બહેનોના પ્રયાસથી "ગુજરાત લેડીસ ક્લબ " નામે એક સ્ત્રી મંડળ સ્થાપવામાં આવ્યું હતું.[૨૦] આ સંસ્થામાં ઉત્સાહી બાનુઓનો શુભ ઉદ્દેશ્ય આપણી સ્ત્રીઓ તથા યુરોપીયન અને પારસી સ્ત્રીઓ એકત્ર થઈ એકબીજા તરફથી શીખવાનું જાણી પોતાની ઉન્નતિ કરે એ હતો.[૨૧] "મુર્હુમ ભોળાનાથ સારાભાઇ સ્મારક ફંડના વ્યવસ્થાપકોએ ભોળાનાથ લિટરરી ઇન્સ્ટિટ્યૂટ ફોર વિમેનનું વિશાળ મકાન 'ગુજરાત લેડીસ ક્લબ' ને વાપરવા

આપ્યું.[૨૨] કારણકે ખાનગી ઘરમાં ક્લબ ભરવાથી ઘણી અડચણો ના કારણે પ્રવૃતિ યોગ્ય રીતે થઈ શકતી ન હતી.તેથી આ મકાન મળવાથી રમતો, બેડમિન્ટનો, ટેનિસ વગેરે ખૂબ સુંદર રીતે રમી શકાતી. લિટરરી ઇન્સ્ટિટ્યૂટની લાઇબ્રેરીના પુસ્તક તથા માસિકો વર્તમાનપત્રો ક્લબના મેમ્બરો વાપરી શકતા હતાં. લેડી વિધ્યાગૌરી નો મત એવો હતો કે સ્ત્રીઓના ખાસ મંડળો ક્લબો થાય તો તેમણે શરીર મન અને આત્મા કેળવવાનો વધારે પ્રસંગ મળે,રમવાથી ગંભીરતા જતી નથી રહેતી અને ન રમનાર પણ બિલકુલ છુછલ્લાં હોય છે.માટે યોગ્ય મર્યાદામાં રમત-ગમત સાથે જ્ઞાનમાં વૃદ્ધિ થાય એવા ઉદ્દેશ થી ક્લબોમાં ભાગ લેવામાં આવે તો એ ઉદ્દેશ પરસ્પરના સહવાસથી ઘણી સારી રીતે પાર પડે છે.

**વનિતા વિશ્રામ (૧૯૦૬)-**

સુલોચના બહેન માત્ર સોળવર્ષની નાની વયે વિધવા થયા.તેમના માતૃશ્રીની ઇચ્છાથી વિધવાશ્રમ સ્થાપવાનો નિશ્ચિત કર્યો હતો.સુલોચના બહેનને લાગ્યું કે વિધવાઓ જો ધર્મ અને નીતિના વાતાવરણમાં રહી શિક્ષણ લે તો તેઓ પવિત્ર અને ઊચું જીવન ગાળી શકે. આ પ્રકારના વિચારોથી નાના સરખા સરસ્વતી મંદિરનો ઉદ્દભવ થયો. થોડા સમયમાં નાનીબહેન ગજ્જર શ્રી બાજીગૌરી મુનશીના નિકટ સહવાસમાં આવ્યાં અને આ મંદિર ને વનિતા વિશ્રામ નામ આપવામાં આવ્યું. વનિતા વિશ્રામ ની સ્થાપના તો સુલોચના બહેનના હસ્તે થઈ પણ વિધ્યાબહેન અને શારદાબહેનનો અમૂલ્ય ફાળો તેમાં રહ્યો હતો. ઇ.સ ૧૯૦૬ માં સુલોચના બહેને વનિતા વિશ્રામની સ્થાપના કરી.હતી.[૨૩] વનિતા વિશ્રામ દ્વારા મહિલા વિધ્યાલય શારદાબહેન મહેતાએ શરૂ કર્યું તેના વ્યવસ્થાપક મંડળમાં સભાસદ પદે રહી વિધ્યાબહેન નીલકંઠે તેનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં વિશેષ રીતે મદદરૂપ બન્યાં હતા અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ,સંસ્કૃત,હિન્દી,સંગીત,સીવણ ,ચિત્રકામ વગેરે વિષયો દાખલ કર્યા હતાં.તેમજ ગુજરાતનો પૈસો ગુજરાતની બહાર ખર્ચાય અને ગુજરાતની કન્યાઓ કેળવણીમાં પછાત રહે એ ઘણાં હિતેચ્છુઓને ખૂચ્યું તેથી ગુજરાતનાં બે મોટા શહેરો સુરત અને અમદાવાદ બંનેને અકસ્માતે એક વખતે પ્રેરણા થઈ.અને સ્ત્રીઓની ઉન્નતિ માટે

ગુજરાતમાં પ્રયત્નો શરૂ થઈ ગયા હતાં.[૨૪] આ વિધ્યાલય મધ્યમ વર્ગની કન્યાઓ માટે અત્યંત લાભદાયી થઈ પડ્યું કારણ કે એક તો તે શહેરના મધ્યસ્થળે આવેલું અને બીજા દેશપ્રેમી સેવાભિલાષી ભાઇઓની દેખરેખ નીચે ચાલતું હતું.આ સંસ્થામાં બાળકો અને નિરાધાર વિધવાઓ,મોટી ઉમરની સ્ત્રીઓને વધુ અભ્યાસની સગવડતા અને ઉચ્ચ કેળવણી મળે તે આશયથી આ વિધ્યાલય સ્થપાયું હતું.[૨૫]

**ભગિની સમાજ (૧૯૧૬)**

ભગિની સમાજની સ્થાપના ઇ.સ ૧૯૧૬ ના વર્ષમાં ગોખલે સંવત્સરી ને દિવસે મુંબઈના શ્રી કરશનદાસ ચીતળિયાના ઉત્સાહને પરિણામે થઈ હતી. ભગિની સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે સ્ત્રીઓને ઉચ્ચ સંસ્કાર આપવાં. ભગિની સમાજ દ્વારા ગામે ગામ સ્ત્રીઓને માટે ગૃહ ઉધ્યોગ,ગૃહ શિક્ષણ,બાળઉછેર,આરોગ્ય વિષય પર પત્રિકાઓ વહેચવામાં આવી હતી.આ સંસ્થાએ એકવર્ષ પૂર્ણ કર્યું ત્યારે શારદાબહેન મહેતાએ ભાષણ કર્યું હતું કે જે મનુષ્યના જીવન સ્વદેશાભિમાન અચળ શ્રદ્ધા અને સ્વાત્માર્પણથી વિભૂષિત થયેલા હોય તેમને માટે દુનિયામાં કોઈજ એવું કાર્ય નથી જે ન થઈ શકે.તેમજ દેશની ઉન્નતિ માટે સ્ત્રીઓ અને પુરુષો બંનેનો ફાળો ખુબજ જરૂરી છે[૨૫]ગાંધીજી પણ ભગિની સમાજ સાથે ખૂબ સારી રીતે સંકળાયેલા હતા અને સ્ત્રીઓની ઉન્નતિ માટે તેમણે પણ ખૂબ પ્રયત્નો કર્યા હતા. તેમજ વિધ્યાબહેન જણાવે છે કે સુભાગ્યે હવે ઘણી બહેનો સ્ત્રીવર્ગના કામમાં મોટા શહેરોમાં આગળ પડતો ભાગ લે છે અને તેઓ જો ધીરજ અને ખંતથી કામમાં મંડ્યા રહેશે તો આજ નહીં તો લાંબા ગાળે પણ તેમની મહેનતના શુભ પરિણામ આવશે. વિધ્યાબહેને કહેલું તે આજે સત્યસાબિત થયું છે.અને આજે દેશમાં મોટાભાગે સ્ત્રીઓ આગળ પડતી છે અને એ વાતનું આપણને ગૌરવ છે.

**મહાલક્ષ્મી ટ્રેનીંગ કોલેજ (ઇસ.સન.૧૮૭૧)**

સ્ત્રી શિક્ષિકાઓ માટેની પ્રશિક્ષણ સંસ્થાઓનો ઇતિહાસ એક નવી જ સમાજશાસ્ત્રીય દ્રષ્ટિ આપી દે છે. ઇ.સ ૧૮૭૦માં વિદેશી મહિલા કે જેણે ભારતમાં સામાજિક પરીવર્તન લાવવાનો ભેખ

લીધો હતો અને પ્રશિક્ષણની હવા ફેલાવવામાં મોટો ફાળો આપ્યો હતો.તે મેરી કાર્પેન્ટરે નોર્મલ સ્કૂલની સ્થાપના કરી.આ સ્કૂલમાં સ્ત્રી શિક્ષિકાઓ થવા માટે સ્ત્રીઓ આકર્ષાય એટલા માટે પ્રવેશની શરત માત્ર બે કે ત્રણ ધોરણ ભણેલી બહેનો પણ પ્રવેશ મેળવી શકે એવી હળવી રાખવામાં આવી હતી.ત્યાર પછી આ સ્કૂલને ઇ.સ ૧૮૭૧ માં  ફિમેલ ટ્રેનિંગ સ્કૂલનું સ્વરૂપ આપી શકાય એટલે તેમાં શિક્ષણ શાસ્ત્રના તત્વોને દાખલ કરી શકાય અને તેનો વિસ્તાર એક જ વર્ષના ટૂંકા ગાળામાં કરી શકાયો અને ઇ.સ.૧૮૭૪ માં આ ટ્રેનિંગ સ્કૂલ ટ્રેનીંગ કોલેજની સંકલ્પના સાથે ઊભી થઈ શકી તે એક આશ્ચર્યજનક રીતે મહત્વની ઘટના ગણાવી જોઈએ.કારણકે આ ઘટના જ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના પરિબળોની એક સીમાસૂચક સ્તંભ બની રહી હતી.[૨૬] અમદાવાદનાં સુપ્રસિદ્ધ મિલમાલિક બેચારદાસ લશ્કરીએ તેમની પુત્રી મહાલક્ષ્મીના સ્મરણમાં આ સંસ્થાના મકાન માટે ફાળો આપ્યો તેથી તેનું નામ મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ રાખવામાં આવ્યું.આ કોલેજનું સ્વતંત્ર મકાન ઇ.સ ૧૮૭૫ માં થયું.કન્યાઓને અંગ્રેજી શિક્ષણ  માટેની માંગણીઓ શહેરી તરફથી કરવામાં આવી.તેથી થોડા વર્ષો પછી આ સંસ્થામાં મેરી સોરાબજીએ અંગ્રેજી શીખવવાની શરૂઆત કરી હતી. શરૂઆતમાં કોલેજ સાથે માધ્યમિક શાળા પણ હતી.આ સંસ્થામાં શિક્ષકોની પત્નીને પ્રવેશ આપવામાં આવ્યો જેથી લોકો પોતાની કન્યાઓને ભણવા મૂકવા પ્રેરાય[૨૭].શરૂઆતના તબક્કામાં સરકાર સ્ત્રી કેળવણી માટે બહુ ઉત્સાહી ન હતી.આ પ્રતિકૂળ વલણની ટીકા કરતાં ઇ.સ ૧૮૬૫માં બુદ્ધિપ્રકાશે લખ્યું છે કે જેમ હિંદુઓ દીકરાનો  જન્મ સાંભળીને દિલગીર થાય છે.તેમ સરકાર પણ પુરુષોની વસ્તીથી રાજી થાય અને સ્ત્રીઓની વસ્તીથી ગેરરાજી હશે કે શું.?  પુરૂષોને ભણાવવાની સરકારને જેટલી જરૂર છે તેટલી સ્ત્રીઓને ભણાવવાની જરૂર નથી.?[૨૮]

ભારતમાં ગાંધીયુગના આરંભથી ચાલુ સૈકાના બીજા દાયકાથી સ્ત્રી શિક્ષણની પ્રવૃત્તિમાં ચમત્કારી વેગ આવ્યાનું  કહી શકાય અને છેલ્લા 70 વર્ષોમાં ભારતની મહિલાઓ શિક્ષણના ક્ષેત્રમાં એકધારી કુચ કરીને ઝડપી પ્રગતિ કરી રહી છે.દેશના સ્વાંતંત્ર સંગ્રામે સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષી છે. ગુજરાતમાં સ્ત્રી શિક્ષણ અંગે વિચાર કરતાં જણાય છે કે ગાંધીયુગનાં આરંભના અરસામાં

માત્ર બેજ સન્નારીઓ વિધ્યાગૌરી નીલકંઠ,શારદાબેન મહેતાએ એ જમાનમાં કોલેજમાં ઉચ્ચ અભ્યાસ પૂરો કરીને સ્નાતક થયા હતાં. જ્યારે આજે સંખ્યાબંધ સંસ્થાઓમાંથી દર વર્ષે હજારો લાખોની સંખ્યામાં યુવતીઓ દરેક ક્ષેત્રમાં અભ્યાસ કરી નામ કાઢી રહી છે. સ્ત્રી પિતાના કે પતિના આશ્રયે જીવતી હોવાની જે  માન્યતા આ દેશમાં પ્રચલિત હતી તે હવે ઝડપથી ભુસાતી જાય છે. સ્ત્રી શિક્ષણનો જુવાળ શહેરો વટાવી ગામડાના ખૂણેખૂણા સુધી પહોચી ગયો છે.તેમાં શંકા ને સ્થાન નથી. સ્ત્રીશિક્ષણ પ્રેમી આદર્શ મહિલાઓએ સમાજની કાયાપલટ માટે સ્ત્રીશિક્ષણને વેગ આપવાનું ભગીરથ કાર્ય કર્યું હતું તેઆ આપણાં પ્રાચીન દેશનાં શુભ ભાવિ માટે આદર્શ સમાન છે.

" ભારતની આધુનિક નારીનો જાગેલો આત્મા સામાજિક ઉન્નતિ અને રક્ષણ કાજે નિરંતર નિર્ભય ચોકીદાર બની રહેશે."

## પાદનોંધ

1. પટેલ મણિભાઈ શિવાભાઈ,યંગ ઈન્ડિયા,મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી,૧૯૫૯, પૃ -૬૦
2. ઠક્કર પ્રવિણા ,ગુજરાતનો સ્ત્રી શિક્ષણ નો ઇતિહાસ,અનડા બુક ડેપો ન્યુ દિલ્લી,૧૯૭૯, પૃ – 3
3. એંજન,પૃ -4
4. એંજન પૃ ૫
5. મહેતા ઇન્દુમતિબહેન,"સ્ત્રી કેળવણી ગુજરાત એક પરિચય,ભાવનગર,૧૯૬૧,પૃ,૩૬૫
6. મહેતા મકરંદ ,ગુજરાતનાં ઘડવૈયા,અરુણોદય પ્રકાશન,અમદાવાદ,પૃ,-૮૯-૯૦
7. પારેખ હિરાલાલ, ગુજરાતનાં વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ,અમદાવાદ ,૧૯૩૨,પૃ-૩૧
8. ત્રિવેદી નવલરામ , સમાજ સુધારનું રેખાદર્શન ,ગુજરાત વિધ્યાસભા,અમદાવાદ,૧૯૭૪, પૃ-૨૫-૨૬
9. દેસાઇ નિરા ભારતીય સમાજમાં સ્ત્રી જીવન ,મુંબઈ,૧૯૬૩ ,પૃ-૨૨૦

10. મહેતા ઇન્દુમતિ ,સ્ત્રી કેળવણી,ગુજરાત એક પરિચય,ભાવનગર,૧૯૬૫,પૃ ૩૬૬

11. દેસાઇ નીરા, ભારતીય સમાજમાં સ્ત્રી જીવન,મુંબઈ,પૃ,૨૨૦.

12. ઠક્કર પ્રવિણા, ગુજરાતનો સ્ત્રી શિક્ષણ નો ઇતિહાસ,ન્યુ દિલ્લી ૧૯૭૯,પૃ,૮

13. ભટ્ટ ઉષા,અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, ૧૯૭૯,પૃ,- ૧૯૪

14. ભારતની વસ્તી ગણતરી,મુંબઈ, ગેઝેટિયર,ભાગ-૧ મુંબઈ,૧૯૦૧,પૃ-૧૪

15. દેસાઇ નીરા,ગુજરાતમાં,૧૯મી,સદીમાં સામાજિક પરીવર્તન, ૨૦૧૨,પૃ-૨૯૦.\

16. હેતા શિરીન ગુજરાતમાં નારી ચેતના,જાન્યુઆરી ૨૦૦૯,પૃ-૧૫૭

17. મહેતા મકરંદ,ગુજરાતનાં ઘડવૈયા,અરુણોદય પ્રકાશન,અ.વાદ ૨૦૦૯,પૃ-૯૮

18. પારેખહીરાલાલ,અર્વાચીનગુજરાતનું રેખાદર્શન, ખાંડ, ગુજરાત, વર્નાક્યુલર સોસાયટી, અ,વાદ, ૧૯૩૭, પૃ-૧૧૦.

19. પારેખ હીરાલાલ,ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,ભાગ-૨,અ.વાદ ૧૯૩૩,પૃ-૧૪૬

20. મહેતા શિરીન,ગુજરાતમાં નારી ચેતના,પૃ,૧૬૩.

21. સુંદરી સુબોધ,ડિસેમ્બર ૧૯૧૨,અંક-૪,અ.વાદની ગુજરાત લેડીસ ક્લબમાથી,પૃ,૧૦૭

22. મહેતા શિરીન,ગુજરાતમાં નારી ચેતના,પૃ-૧૪૬.

23. સ્ત્રીબોધ .ફેબ્રુઆરી,૧૯૨૩,અંક-૨,પૃ-૫૫

24. દેસાઇ સુલોચનાબહેન,પ્રસિદ્ધ કર્તા ,વ્યવસ્થાપક,સૌ જીવકોર વનિતા વિશ્રામનો અહેવાલ, ૧૯૩૬-૩૭ ,પૃ-૧

25. મહેતા.શારદા,જીવન સંભારણા, ૧૯૮૩,પૃ-૨૩૦

26. મહેતા શિરીન,ઉપરોક્ત,પૃ-૧૬૩

27. દેસાઇ નીરા,ઉપરોક્ત પૃ-૨૯૦

28. બુદ્ધિપ્રકાશ,ગુજરાત વિધ્યાસભા,૧૯૬૩,અંક-૧,પૃ-૨૮

## સંદર્ભસૂચિ

1. પટેલ મણિભાઈ શિવાભાઈ યંગ ઈન્ડિયા મહાત્મા ગાંધીજીની કેળવણીની ફિલસૂફી.
2. ઠક્કર પ્રવિણા, ગુજરાતનો સ્ત્રી શિક્ષણ નો ઇતિહાસ.
3. દેસાઇ નીરા ,ભારતીય સમાજમાં સ્ત્રી જીવન.
4. ત્રિવેદી નવલરામ,સમાજ સુધારનું રેખાદર્શન.
5. પારેખ હીરાલાલ,ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ ૧,
6. મહેતા મકરંદ,ગુજરાતનાં ઘડવૈયા,અરુણોદય,પ્રકાશન,અમદાવાદ.
7. મહેતા ઇન્દુમતિબહેન,સ્ત્રી કેળવણી ગુજરાત એક પરિચય.
8. ભટ્ટ ઉષાબેન ઘનશ્યામભાઈ,અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ,.
9. ભારતની.વસ્તી ગણતરી,મુંબઈ ગેઝેટિયર,ભાગ-૧.
10. મહેતા શારદાબેન,જીવન સંભારણા.
11. નીલકંઠ વિધ્યાબેન,નારીકુંજ ૧૯૫૬.
12. પારેખ હીરાલાલ,અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન.
13. પારેખ હીરાલાલ,વર્નાક્યુલર સોસાયટી નો ઇતિહાસ,ભાગ-૨.
14. ઠાકર બેલા,નારી પ્રતિભાઓ.
15. સુંદરી સુબોધ.જુલાઇ ૧૯૧૦.
16. સ્ત્રીબોધ,૧૯૨૩.
17. બુદ્ધિપ્રકાશ.૧૯૬૩.